જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૨/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૮૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૫૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૮૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૮૮/૨૦૨૫**

ફાઈમબ્રાન્ચઃ રાજેશકુમાર કરણીદાન ભણશાલી (ઉ.વ.૪૯) (રહે.દેવીશ્યામ ફલેટ આનંદપાર્ક સોસાયટી પાસે, બળીયાકાકા રોડ મણીનગર) એ તા.૧૩/૦૬/૨૦૨૫ થી તા.૨૪/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર શ્રી ઘંટાકર્ણ મહાવીર માર્કેટ થર્ડ ફલોર દુકાન નંબર– એ/૩૨૩ ખાતે આરોપી (૧) "ઓરચીડ ક્રિએશન"ના પ્રોપરાઇટર દમયંતીદેવી રાજેન્દ્રકુમાર લાલવાણી (શોપ નં.૧૦૧,૧૦૨ મણીનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી ગોપાલ ટાવરની સામે મણીનગર) (૨) "શ્યામ ગારમેન્ટ" ફર્મના પ્રોપરાઇટર મનીષકુમાર બરડીયા (દુકાન નં.૨૪૦ સેકન્ડ ફલોર લક્ષ્મી વિષ્નુ માર્કેટ ઓલ્ડલાઇટ હાઉસની પાસે, ઘી કાંટા) તથા (૩) બંન્ને ફર્મોના અધિકૃત વ્યકિત રૂષભ પ્રવિણભાઇ જૈન (રહે.તપસ્વી ફલોરા એસબીઆઇ બેન્કની બાજુમાં, ન્યુ મણીનગર, માતુ સાનીધ્ય ફલેટની પાછળ રામોલ) એ ભેગામળી "રાજેશકુમાર ભણશાલી" એચ.યુ.એફ. ફર્મમાંથી કુલ રૂપિયા ૨૩,૨૮,૧૨૭/- મતાનો જથ્થાબંધ લેડીઝ કુર્તી કાપડનો માલ ઉધારીમાં ખરીદ કરી તે માલનુ પેમેન્ટ ૨૫ થી ૩૦ દિવસમાં ચુકવી દેવાનો ભરોસો આપી, વાયદા મુજબ માલનુ પેમેન્ટ નહિ કરી, ટુકડે–ટુકડે રૂપિયા ૬,૩૩,૫૦૨/- ચુકવી આપી, બાકી લેણા રૂપિયા ૧૬,૯૪,૬૨૫/- આજદીન સુધી નહી ચુકવી તેમજ કાપડનો માલ અન્ય જગ્યાઓએ સસ્તા ભાવે વેચાણ કરી રૂપિયા મેળવી લઇ રાજેશકુમાર ભણશાલી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.રબારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી